ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/જમીન/
ના વાંધા પ્રમાણપત્ર/ ૭૬
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તારીખઃ૨૮/૨/૨૦૧૭

//પરિપત્ર//

વિષયઃ– નિગમની વસાહતની હદથી ચોકકસ મર્યાદામાં આવતી જમીન માટે બીનખેતીના કામે હેતુફેરની પરવાનગી સંબંધે "ના વાંધા પ્રમાણપત્ર" આપવા અંગેની નીતિની પુનઃ સમીક્ષા બાબત.

નિગમની વસાહતની હદથી ચોકકસ મર્યાદામાં આવતી જમીન માટે બીનખેતીના કામે હેતુફેરની પરવાનગી સંબંધે "ના વાંધા પ્રમાણપત્ર" જારી કરવા અંગેની નીતિ સમયાંતરે અમલમાં મુકવામાં આવેલ છે. નિગમ હસ્તક આવેલ નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવેશ થતી અને વસાહતની પેરાફરી વિસ્તારમાં આવતી જમીન માટે વસુલ મેળવવામાં આવતા વિકાસ ખર્ચ બાબતે સ્પષ્ટતા અર્થે નીતિની સમીક્ષા અર્થે નિર્ણય મળવા સારૂ તાઃ૨/૨/૧૭ ના રોજ આયોજીત થયેલ નિગમની ૪૯૪ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંકઃ૧૭/જમીન/૪૯૪ સાદર કરવામાં આવેલ. જે અન્વયે નિગમે ઠરાવ ક્રમાંકઃ૧૬/જમીન/૪૯૪/૨૦૧૭ તાઃ૨/૨/૧૭ થી લેવાયેલ નિર્ણય અનુસાર બીનખેતીના કામે /વસાહતના રસ્તાનો ઉપયોગ કરવા અર્થે નિગમનો અભિપ્રાય/ પરવાનગી મેળવવાના પ્રકરણ સમયે ગુણદોષના આધારે બીનખેતી માટે/વસાહતના રસ્તાના ઉપયોગની મંજુરી સાથે બીનખેતી અભિપ્રાય/પરવાનગી આપવા નિર્ણય થાય ત્યારે અન્ય નીતિ વિષયક બાબતો યથાવત રાખી જો સવાલવાળી જમીનનો નિગમે જી.આઈ.ડી. એકટ, ૧૯૬૨ની કલમ–૧૬ હેઠળ જાહેર કરેલ નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવેશ થતો હોય તેમજ અરજદાર ધ્વારા નિર્દિષ્ટ વિસ્તાર સત્તા તંત્રને તેમજ નિગમને તમામ લ્હેણાંની ચુકવણી કરેલ હોય તો નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવેશ થતી જમીન માટે વિકાસ ખર્ચની રકમ તાઃ૨૧/૩/૨૦૧૧ ના પરિપત્ર ક્રમાંકઃGIDC/LND/NA/NOC/ POLICY/CIR/13 ના સ્થાને નિગમ દ્વારા તાઃ૪/૫/૨૦૧૩ના રોજ જારી કરવામાં આવેલ પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/ સીઆઈઆર/પોલીસી/૧૦ મુજબ વસુલ કરવાના રહેશે. વધુમાં, આ પરિપત્રનો અમલ હવે પછી નિર્ણય થતાં કિસ્સાઓમાં જ કરવાનો રહેશે. અગાઉ ના કોઈપણ કિસ્સા રી–ઓપન કરવા પાત્ર બનશે નહી તેમજ વસુલ મેળવેલ વિકાસ ખર્ચની રકમ રીફંડ કરવાની રહેશે નહી.

ઉપરાંત જે કિસ્સામાં અગાઉ નિગમે વિકાસ ખર્ચ વસુલ મેળવી બીનખેતી/વિકાસના કોઈ એક હેતુ માટે અભિપ્રાય/ પરવાનગી આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં બીનખેતીના હેતુફેર માટે નિગમના પુનઃ અભિપ્રાય / પરવાનગી અર્થે પ્રકરણ રજુ થાય ત્યારે અગાઉ મેળવેલ વિકાસ ખર્ચને બાદ કરી બાકી રહેતી

પાછળ..૨..